## dcટીપ્સ ઃ  ગ્રહણ સમયે કયા રાશિવાળાએ કયા જાપ કરવા ?

**મેષ (અ.લ.ઈ) ઃ શ્રી વાસુપૂજ્યસ્વામીના જાપ તથા લાલ વસ્તુનું દાન. દા.ત. ઘઉં.**

**વૃષભ (બ.વ.ઉ) ઃ શ્રી સુવિધિનાથ ભગવાનના જાપ તથા સફેદ વસ્તુનું દાન દા.ત. ચોખા.**

**મિથુન (ક.છ.ઘ) ઃ શ્રી શાંતિનાથ ભગવાનના જાપ તથા લીલી (ગ્રીન) વસ્તુનું દાન. દા.ત. મગ**

**કર્ક (ડ.હ.) ઃ શ્રી ચંદ્રપ્રભસ્વામીના જાપ તથા સફેદ વસ્તુનું દાન. દા.ત. રૂ**

**સિંહ (મ.ટ.) ઃ શ્રી પદ્મપ્રભસ્વામીના જાપ તથા લાલ વસ્તુનું દાન દા.ત. ઘઉં**

**કન્યા(પ.ઠ.ણ) ઃ શ્રી શાંતિનાથ ભગવાનના જાપ તથા લીલી(ગ્રીન) વસ્તુનું દાન દા.ત.મગ**

**તુલા (ર.ત.) ઃ શ્રી સુવિધિનાથ ભગવાનના જાપ તથા સફેદ વસ્તુનું દાન. દા.ત. ચોખા**

**વશ્ચિક (ન.ય.) ઃ શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનના જાપ તથા લાલ વસ્તુનું દાન. દા.ત. લાલ વસ્ત્ર**

**ધન (ભ.ધ.ફ.ઢ.) ઃ શ્રી આદિનાથ ભગવાનના જાપ તથા પીળી વસ્તુનું દાન. દા.ત. ચણા દાળ.**

**મકર(ખ.જ.) ઃ શ્રી મુનીસુવ્રતસ્વામી ભગવાનના જાપ તથા કાળી વસ્તુનું દાન. દા.ત. અડદ.**

**કુંભ(શ.ષ.સ.ગ) ઃ શ્રી મુનીસુવ્રતસ્વામી ભગવાનના જાપ તથા કાળી વસ્તુનું દાન. દા.ત. કાળા તલ.**

**મીન ઃ (દ.ચ.ઝ.થ) ઃ શ્રી આદિનાથ ભગવાનના જાપ તથા પીળી વસ્તુનું દાન. દા.ત. બુંદીના લાડુ.**

## આપણા શરીર પર રહેલા વિવિધ ચિહ્નોનું ફળ (જૈન સ્પેશિયલ ગાઈડ)

જૈન શાસ્ત્રમાં નિમિત્તજ્ઞાનના આઠ પ્રકારો કહેલા છે અને તેથી તે અષ્ટાંગનિમિત્ત કહેવાય છે. અષ્ટાંગનિમિત્તના આઠ જ્ઞાનમાંથી એક જ્ઞાનને વ્યંજન નિમિત્ત કહેવામાં આવે છે. વ્યંજન એટલે તેલ, મસા અને લહસન. (લહસન એટલે કે આપણે જેને લાખુ કહીએ છીએ). શરીર પરના આ વિવિધ ચિહ્નોને આધારે વ્યક્તિનું મૂલ્યાંકન કરી ભાવી કથન કરવામાં આવે છે.

**(૧) તલ ઃ શરીરની ચામડી ઉપર તલ જેવા આકારના અને શ્યામ વર્ણના જે ચિહ્ન દેખાય છે તેને તલ કહેવામાં આવે છે. ગોળ અને સ્પષ્ટ દેખાતા તલ શુભ અને ભાગ્યની વૃદ્ધિ કરનારા મનાય છે. તલ પર વાળનું ઉગવું એ ઉત્તમ ભાગ્યોદયની નિશાની છે. લંબગોળ જેવા તલ શાંતિ અને સુખ પામનાર વ્યક્તિનો સંકેત કરે છે. તો લાંબા તલ(આવા તલ ક્વચિત જ જોવા મળે છે.) આર્થિક ભીડ અનુભવતી વ્યક્તિમાં જોવા મળે છે. ત્રિકોણ આકારના તલ વ્યક્તિના જીવનમાં ચઢતી, પડતી અને સ્થિર સ્થિતિ જોવા મળે છે. અને બેડોળ તલ વ્યક્તિના જીવનમાં અવ્યસ્થિત અને અસ્થિર દર્શાવે છે.**

**(૨)મસા ઃ શરીરની ચામડીથી કંઈક ઉંચી વધેલી નાની માંસની ગાઠ કે જે રાઈ અથવા બાજરીના દાણ જેવડી છે તેને મસા કહેવામાં આવે છે.**

**(૩) લહસન કે લાખ ઃ જે કસુંબાના રંગ જેવા લાલ રંગના ચિહ્ન શરીરની ચામડી ઉપર ઉત્પન્ન થાય છે.**

ઉપરના ત્રણેય ચિહ્નો પૈકી કોઈ ચિહ્ન સ્પષ્ટ રીતે દેખાવ આપે, અને તેનો આકાર સુંદર હોય તો શુભ ફળદાયી છે. જ્યારે જેનો આકાર કે ઘાટ કદરૂપો હોય અથવા ખંડીત થયેલો હોય તો તે ચિહ્ન સારું ફળ આપવામાં અસમર્થ નીવડે છે. હંમેશા યાદ રહે સ્ત્રીને પોતાના શરીરના ડાબી બાજુના અંગમાં રહેલ ચિહ્નો શુભ ફળ આપનારા અને જમણી બાજુના અંગમાં રહેલા ચિહ્નો અશુભફળ આપનારા જાણવા. એ જ રીતે પુરુષને પોતાના શરીરના જમણી બાજુના અંગમાં રહેલ ચિહ્નો શુભફળ આપનારા અને ડાબી બાજુના અંગમાં રહેલ ચિહ્નો અશુભ ફળ આપનારા જાણવા. તલ, મસા કે લહસન (લાખુ) આ ત્રણેય ચિહ્નોનો રંગ તપકીરીયો, મધ, કોફી, મરૂન કે લાલ રંગ હોય તો શુભ ફળદાયી એ જ રીતે લીલો, વાદળી કે કાળો રંગ હોય તો અશુભફળદાયી સમજવો.

હવે આપણે સ્ત્રી-પુરુષના શરીર પર રહેલા આ ચિહ્નોનું વિવિધ રીતે અલગ અલગ શું ફળ હોઈ શકે એ નીચેના ચાર્ટ દ્વારા સમજીએ.

**પુરુષ માટે જમણી બાજુ પર રહેલા શુભચિહ્નનું શુભ ફળ**

૧. મસ્તક પર યશ આબરૂ અને લાભ

૨. બે આંખ વચ્ચે અધિકાર પ્રાપ્ત થાય અને ગર્ભ શ્રીમંત.

૩. કપાળ પર ધન પ્રપ્તિ.

૪. ગાલ પર સુંદર પત્ની પ્રાપ્ત થાય.

૫. ઉપલા હોઠ પર ધન અને બોલેલું વચન કાયમ રહે. માન્ય રહે.

૬. નીચલા હોઠ પર ઉગ્ન, જક્કી છતા સ્વસ્થતાથી કાર્ય કરનાર.

૭. ગળા પર ચિહ્ન વારસો મળે, દિર્ઘાયુ થાય.

૮. છાતી પર ચિહ્ન સ્ત્રી તરફથી ફાયદો, મનની ધારણા પૂર્ણ થાય.

૯. હાથ પર સ્વકમાઈ પર નિર્ભર રહો.

૧૦. ખભા પર દરેક વિદ્યામાં પારંગત.

૧૧. હથેળીમાં ઉદારદિલ, મોટા મનનો.

૧૨. પેટ પર અધિક ખર્ચાળ.

૧૩. પીઠ પર દુશ્મન પર વિજય, પ્રતિષ્ઠા

૧૪. નાભી નીચે ઉત્તર ભોગ.

૧૫. સાથળ પર લડાઈમાં વિજય

૧૬. ઘૂંટણ પર સુખ-શાંતિ, સમૃદ્ધિમાં જીવે.

૧૭. પગ પર દેશ પરદેશની મુસાફરીથી લાભ.

૧૮. પગના તળિયા પર જ્યાં જાય ત્યાં માન અને પ્રતિષ્ઠા.

સ્ત્રી માટે ડાબી બાજુ પર રહેલા શુભચિહ્નનું શુભ ફળ

૧. મસ્તક પર રાજરાણી જેવું સુખ.

૨. બે આંખ વચ્ચે લાલ તલ સૌભાગ્યવતી.

૩. કપાળ પર વૈભવશાળી

૪. ગાલ પર એશ આરામ

૫. ઉપલા હોઠ પર સ્વભાવે સરળ અને શાંત.

૬. નીચલા હોઠ પર કંજુરસ થાય.

૭. ગળા પર ચિહ્ન ઘરમાં પોતાનો હુકમ ચાલે.

૮. છાતી પર ચિહ્ન પુત્રવતી થાય.

૯. ડાબા હાથ પર હોય પતિની પ્રિતી સંપાદન કરે.

૧૦. ખભા પર ખૂબ સુખી.

૧૧. હથેળીમાં ધનવાન.

૧૨. પેટ પર રાજપત્ની બને.

૧૩. પીઠ પર પ્રેમાળ, શુદ્ધ અંતઃકરણવાળી બને.

૧૪. નાભી નીચે ઉત્તમ સંતાન પ્રાપ્ત થાય.

૧૫. સાથળ પર નોકર ચાકરનું સુખ.

૧૬. ઘૂંટણ પર સગાઈ રહેઠાણથી દૂર થાય.

૧૭. પગ પર આનંદી, સર્વ પ્રિય.

૧૮. પગના તળીયા પર સાસરામાં માન-પ્રતિષ્ઠા.

ઉપર સૂચવેલો ફળાદેશ શુભ ચિહ્નો હોય તો જાણવો અને અશુભ એક કદરૂપા ચિહ્નો હોય તો જણાવેલ શુભ ફળ એટલા પ્રમાણમાં અશુભ ફળ આપનારું તે તે અંગે વિષે જાણવું.

ચાર્ટમાં બતાવ્યા સિવાયના પણ ઘણા શુભ-અશુભ ચિહ્નો આપણા શરીરના વિવિધ અંગો પર હોય છે. તેનું શુભ-અશુભ ફળ હોય છે પરંતુ વિસ્તાર ભયથી અહીયાં આ વર્ણન સંક્ષિપ્તમાં બતાવવામાં આવ્યું છે એની વાચકવર્ગ નોંધ લેશો.

---

## સામુદ્રિકશાસ્ત્રની દૃષ્ટિએ સ્ત્રીના ચાર ભેદ (જૈન સ્પેશિયલ ગાઈડ)

મનુસ્મૃતિમાં જણાવ્યા પ્રમાણે સ્ત્રી એટલે કાર્યેષુ મંત્રી, કરણેષુ દાસી, ભોજયેષુ માતા, શયનેષુ રંભા, મનોનુકુલાઃ ક્ષમાધરિત્રી, ષડગુણયુક્તા ત્વીહ ધર્મપત્ની.

આમ તો સ્ત્રીના ભેદ અને ઉદ્ભેદ અનેક છે. સામુદ્રિકશાસ્ત્રમાં સ્ત્રીની આકૃતિ અને પ્રકૃતિના આધારે સ્ત્રીના શુભ-અશુભ લક્ષણો વર્ણવામાં આવ્યા છે. પરંતુ સ્ત્રીના અમુશ વિશિષ્ટ લક્ષણો જેવા કે બાહ્યદેખાવ, હશારીરિક બાંધો, આંખો, હોઠ, ભ્રમર, વાળ, હલનચલન, હાસ્ય, બોલવાની રીત, તેનું રુચિ-પસંદગી વગેરે લક્ષણોના આધારે આપણા પ્રાચીન ગ્રંથોમાં સ્ત્રીના મુખ્યત્વે ચાર ભેદ વર્ણવવામાં આવ્યા છે. એ ચાર ભેદ અનુક્રમે (૧) પદ્મિની(૨) હસ્તિની (૩) ચિત્રિણી અને (૪) શંખિણી.

(૧) પદ્મિની ઃ આવી સ્ત્રીને સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ અને સર્વગુણસંપન્ન ગણવામાં આવે છે. આ પ્રકારની સ્ત્રી અતિસ્વરૂપવાન, આકર્ષક તથા નિરાળુ વ્યક્તિત્વ ધરાવે છે. તેના વાળ લાંબ અને સુંદર હોય છે. તેની ચાલ હંસના જેવી હોય છે. તેનો અવાજ મધુર એવં કોમળ હોય છે. તે સૌમ્ય, નીતિવાન, નિર્મળ તથા ચારિત્ર્યવાન હોય છે. મુખ તેજસ્વી, નાસિકા, નયન, અધરાદિ દરેક અંગ તેના સપ્રમાણેને ચિતાકર્ષક હોય છે. સર્વાંગ સુંદર ને સર્વ ગુણ સંપન્ન આ નારી સર્વત્ર પોતાના રૂપ અને ચારિત્ર્યથી સુરભિ પાથરે છે. તે ધાર્મિક, સદાચારી, પરોપકારી તથા પતિવ્રતા હોય છે. વડીલો તરફ તે સદા સન્માન ધરાવે છે. સાંસારિક ઉપભોગો તથા વિલાસ તરફ તેને અરૂચિ હોવા છતાં તે પતિના સુખે સુખી તથા પતિના દુઃખે દુઃખી થવાની તત્પરતાવાળી હોય છે. એ જ્યાં જાય ત્યાં પવિત્રતા તથા સંસ્કાર પાથરે છે. સૌના આદરને પાત્ર એવી આ સ્ત્રીનો સંસાર સદા સુખી હોય છે.

**(૨) હસ્તિની ઃ સ્ત્રીનો આ પ્રકાર સર્વસાધારણ ગણાય છે. આવી સ્ત્રીઓ સ્વભાવે ચંચળ હોય છે તેનામાં ધર્મશ્રદ્ધા ઓછી, નિષ્ઠા, પવિત્રતા, માંગલ્યભાવના એનામાં ભાગ્યેજ દેખાય છે. વારંવાર દરેક કાર્યમાં વિચારો બદલાવાની ટેવ હોય છે. આવી સ્ત્રીનું શરીર ભરાવદાર અને શિથિલ હોય છે. વિલાસ, શૃંગાર તથા ભોજન બહુ જ પ્રિય હોય છે. મહદ્ અંશે આવી સ્ત્રીઓને લજ્જા બહુ જ ઓછી હોય છે. બહુધા રોગી રહેતી હોય છે. નાના રોગને મોટું સ્વરૂપ આપતી હોય છે. પગની આંગળીઓ સાધારણ અવ્યવસ્થિત અને ટૂંકી હોય છે. નાક, કાન, અને ગરદન થોડી મોટી હોય છે. ઝઘડાખોર વૃત્તિ ધરાવતી હોય છે. આવી સ્ત્રીને પતિ સારો મળે છે. પરંતુ નાની નાની બાબતોમાં પતિ સાથે સઘડો કરવાની ત્યા રિસામણા લેવાની ટેવ હોય છે. સ્વભાવે ક્રોધી હોવા છતાં હસમુખી અને ગંભીર લાગે છે. ચામડીનો રંગ ગોરો હોય છે. તેની ચાલ હાથી જેવી હોય છે. લગ્ન પછી ૩, ૮, ૧૨ કે ૧૬માં વરસે પતિનો ભાગ્યોદય થાય છે.**

**(૩) ચિત્રિણી ઃ આ સ્ત્રી જ્યાં જાય ત્યાં આનંદીત વાતાવરણ બનાવી નાખે છે. આવી સ્ત્રીઓ શૃંગાર-અલંકારની શોખીન હોય છે. ઈશ્વરપ્રેમી, ગુરુસેવા અને જુના રીતરીવાજોમાં તેને ખૂબ શ્રદ્ધા હોય છે. આધ્યાત્મિક વૃત્તિની હોય, પવિત્ર જીવન જીવે છે. વિજ્ઞાન જેવા વિષયમાં પણ તેને રસ હોય છે. મધુરભાષી તેમજ જાહેરજીવનમાં ભાગ લેતી હોવાથી તે સર્વપ્રિય થઈ પડે છે. જન્મે ગરીબ હોવા વતાં સ્વ સુલક્ષણોથી તેને સુખપ્રાપ્તિ થાય છે. તે કુશળ ગૃહિણી હોય છે. પરંતુ અતિશ્રમ કરી શકતી નથી. ઘણા કાર્યોમાં કુશાગ્ર બુદ્ધિથી તે બુદ્ધિપ્રતિભા દાખવી જાય છે. આવી સ્ત્રીનું શરીર કોમળ અને પ્રભાવબદ્ધ હોય છે. મસ્તકગોળ, કટિપાતળી, ભરાવદાર તથા લાંબા કાળા વાળ અને મુખ પર આનંદપ્રદ સ્મિત સદા જોવામાં આવે છે. તેનો કંઠ મધુર હોય છે. શૃંગારપ્રિય હોવા છતાં અસ્વછંદી અને લજ્જાશીલ હોય છે. મધુર અને માન-સન્માન, પ્રતિષ્ઠા અને ઈજ્જત મળે છે. અને તેના પતિને રાજયોગ પણ હોય છે.**

(૪) શંખિણી ઃ સ્ત્રીનો આ કનિષ્ઠ પ્રકાર છે. તમામ દુર્ગુણો, કુટેવો ને અનિષ્ટોનો મેળો આવી સ્ત્રીમાં હોય છે. સ્ત્રી સુલભ ગુણોનું નામનિશાન અહીં ન મળે. આવી સ્ત્રીઓ સ્વભાવે ક્રોધી, તામસી પ્રકૃત્તિની, લજ્જાહીન, કજીયાખોર હોય છે. શરીર સપ્રમાણ કે સુડોળ હોતુ નથી. 'મારો કક્કો જ સાચો' માની બધે વર્ચસ્વ જમાવવાની કોશિષ કરે છે. જેથી શત્રુતા વ્હોરી લે છે. આ સ્ત્રી અતિ વિલાસપ્રિય હોય છે. તેની ચાલ નર્તકિ જવી હોય છે. આંખો ઝીણી અને આંખોમાં માદકતા અને નશો છવાયેલ હોય છે. આવી સ્ત્રીઓ કરતા પુરુષોની મૈત્રી વધુ કરે છે. ખોટું બોલવાની આદતથી કોઈનો વિશ્વાસ તે સંપાદન કરી શકતી નથી. અતિ આહારી હોવાની સાથે સાથે આવી સ્પ્રીઓ એકલપેટી હોય છે. તેનું મન દુષ્ટ તથા વાણી કર્કશ

હોય છે. આવી સ્ત્રીઓ બહુધા હલકુ જીવન જીવતી હોય છે. અને એનક પ્રકારના દુઃખો ભોગવે છે. આ ચાર પ્રકારની નારીને ઓળખશો કેવી રીતે ?

(૧) પદ્મિની ઃ કમળના જેવી ગંધવાળી, હંસની માફક ચાલવાવાળી, કોમળ દાંતવાળી, સુંવાળા કેશવાળી, મોટા નેત્રોવાળી, અલ્પનિદ્રાવાળી, અલ્પ આહારવાળી સ્ત્રીને આપણે પદ્મિની કહી શકીએ.

(૨) હસ્તિની ઃ મધના જેવી ગંધવાળી, હાથીની જેવી ચાલવાળી, જાડા દાંતવાળી, સુંવાળા કેશવાળી, નાના નેત્રોવાળી, ગાઢ નિદ્રાવાળી, ઘણા આહારવાળી સ્ત્રીને હસ્તિની જાણવી જોઈએ.

(૩) ચિત્રિણી ઃ વિચિત્ર ગંધવાળી, હરણની માફક ચાલવાવાળી,સૂક્ષ્મ દાંતવાળી, સૂકા કેશવાળી, સૂક્ષ્મ નેત્રોવાળી, કૃશ નિદ્રાવાળી, સાફસૂફ કરી આહાર કરનારી સ્ત્રી ચિત્રીણી પ્રકારની જાણવી.

(૪) શંખિણી ઃ માછલા જેવી ગંધવાળી, ગધેડા જેવી ચાલવાળી, લાંબા દાંતવાળી, બરછટ કેશવાળી, પીળા નેત્રો વાળી, લાંબી નિદ્રવાળી લાંબાકાળ સુધી આહાર કરનારી સ્ત્રી શંખિણી જાણવી.